# પાટનગરમાં બિન્દાસ્ત બાળ મજુરી

## શિક્ષિત સમાજમાં ઘોર નારાજગી : બાળ મજુરીના દુષણને ડામવા સુફિયાણી વાતો થાય છે પરંતુ અસરકારક પગલા લેવાતા નથી

ગાંધીનગર તા ૨૩

સરકારી તંત્ર દ્વારા બાળ



(તસવીર : ધનંજય જોષી)

મજુરીના દુષણને ડામવા અસરકારક પગલા લેવાતા હોવાની સફિયાણી વાતો થાય છે. નિર્મળ નગરની વાતો વચ્ચે જેમ શહેરમાં ગંદકીના ઢગ ખડકાયેલા જોવા મળે છે. તેમ બાળ મજુરીના દુષણમાંથી સમાજને મુકત કરવા વાતોથી વિશેષ કાંઇ થઇ શકયું ન હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે.રાજયના પાટનગરને જ બાળ મજુરીનું દુષણ જાણે ભરખી ગયું હોય તેવી દયનીય સ્થિતિ સર્જાઇ છે. બાળ મજુરી નાબૂદ કરવા સરકારે લાલ આંખ કરી હોવાનું મનાઇ રહયું છે. પરંતુ જવાબદાર તંત્રને બાળમજુરીના કિસ્સાઓ જાણે ધ્યાને જ આવતા નથી. શહેરમાં ઘ- ૫ પાસે હાથ ધરાયેલા પેવર બ્લોકની કામગીરીમાં નાના ભુલકાઓને ખુલ્લેઆમ મજુરીકામમાં જોડવામાં આવ્યા છે. કોર્પોરેશનની યોજના અન્વયે પેવર બ્લોક બનાવવાનું કામ ચાલી રહયું હોવાનું પણ ધ્યાને આવ્યું છે. સરકારી કામમાં બાળકોને મજુરી કામમાં જોઇને નગરના ભદ્ર સમાજમાં પણ ઘોર નારાજગી વ્યાપી છે. જયારે બાળ મજુરી અટકાવવાની વાતો પણ પોકળ પુરવાર થતી હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

બાળ મજુરીને અટકાવવા સમાજમાં જાગૃતિ કેળવવાના પ્રયાસો કરવામાં આવી રહયા છે. શાળાએ જવાની ભણવા રમવાની ઉંમરે નાના ભૂલકાઓને વેઠીયું કરવા ન જોડી દેવાય તે માટે સંબંધિત તંત્ર પણ એલર્ટ મોડમાં હોવાનું મનાઇ રહયું છે. આમછતા શહેરમાં ધમધમતા ખાણી પીણી બજાર , ચા ની લારીઓ સહિતની જગ્યાએ નાના બાળકો પાસે મજુરી કામ કરાવામાં આવતું હોવાનું અવાર નવાર ધ્યાને આવે છે. શ્રમિક પરિવારના બાળકો શિક્ષણ મેળવવાની ઉંમરે જ્ઞાન સાથે ગમ્મત કરવાના બદલે અજાણતા જ ભવિષ્યને અંધકાર તરફ ધકેલી દે છે. શહેરના હાર્દ સમા વિસ્તારમાં ખુલ્લેઆમ બાળ મજુરીનું દુષણ પાંગર્યું છે. ઘ- ૫ સ્થિત નવા પેટ્રોલ પંપ પાસે હાથ ધરાયેલા પેવર બ્લોકના કામમાં બાળકોને મજુરી કામમા ંલગાવી દેવાયા છે. કોર્પોરેશનની પેવર બ્લોક નાખવાની યોજના અન્વયે આ કામગીરી થતી હોવાનું પણ ધ્યાને આવ્યું છે. આ તબક્કે સરકારી તંત્રના કામકાજમાં જ બાળમજુરી દુષણ ફેલાયું હોવાનો આક્રોશ પણ નગરના શક્ષિત સભ્યોમાં પ્રબળ બન્યો છે.

# રહેણાંક વિસ્તારમાં ચાલતી કોમર્શીયલ પ્રવૃત્તિઓને અટકાવવા મનપા-ગુડાને આંખે પાણી આવી જશે

ગાંધીનગર, તા.૨૩

રહેણાંક વિસ્તારમાં કોમર્શીયલ પ્રવૃત્તિ સામે હાઈકોર્ટમાં થયેલી જાહેર હિતની રીટે ફરી એકવાર ગાંધીનગરમાં રહેણાંક વિસ્તારમાં ધમધમતી કોમર્શીયલ પ્રવૃત્તિઓ સામે આંગળી ચીંધી છે. આ મામલે મનપા અને ગુડાના સત્તાધિકારીઓ શું જવાબ આપવો તેની ગડ મથલમાં પડયા છે. આગામી દિવસોમાં થનારા શહેરના વિકાસ અને જરૂરીયાતોને ધ્યાને રાખી મનપા-ગુડા કંઈક પગલાં લે તે જરુરી છે.

ગાંધીનગરનો વિકાસ અને વિસ્તાર છેલ્લા કેટલાક વર્ષોમાં રોકેટ ગતિએ વધ્યો છે. જયારે શહેરનું નિર્માણ કરવામાં આવ્યું ત્યારે આયોજનકર્તાઓને કદાચ ખ્યાલ નહીં હોય કે શહેરનો આટલી ઝડપથી વિકાસ થશે. શહેરનો વિકાસ દિન દોગુની-રાત ચો ગુનીના દરે વધતા વિકસતા શહેરની જરૂરીયાતો પણ વધી. આયોજન પ્રમાણે શહેરમાં રહેણાંક વિસ્તારો અને શોપીંગ સેન્ટરના નામે ઓળખાતા કોમર્શીયલ વિસ્તારો નક્કી થયા. હાલમાં જે શોપીંગ સેન્ટરનો વિસ્તાર છે ત્યાં કરિયાણા સહિતની દુકાનો છે પરંતુ ટયુશન કલાસ, કોચીંગ કલાસ, હોસ્ટેલ, ખાનગી કલીનિક કે હોસ્પિટલ, નાની ઓફિસ જેવી પ્રવૃત્તિઓ માટે ખાસ ફાળવવામાં આવેલા પ્લોટની હરાજીનો મુદ્દો દાયકાઓ સુધી અધ્ધરતાલ લટકતો રહેતા ના છુટકે રહેણાંક વિસ્તારમાં કોમર્શીયલ પ્રવૃત્તિઓ ચાલુ થઈ અને ધમધમતી બની. રહેણાંક વિસ્તારમાં ચાલતી કોમર્શીયલ પ્રવૃત્તિઓનું સમર્થન કરવાનો અહીં ઈરાદો નથી પરંતુ એ હકીકત છે કે વિકસતા શહેરની ધંધાકીય પ્રવૃત્તિઓ માટે સસ્તુ અને સારું સ્થળ આપી શકવમાં તંત્ર અસમર્થ રહ્યું જેના પરિણામે રહેણાંક વિસ્તારો કોમર્શિયલ પ્રવૃત્તિથી ધમધમતા બન્યા. સે-૭નો એસ.ટી. સ્ટેન્ડ સામેનો વિસ્તાર ડોકટર હાઉસ

## સમયસર

બની ગયો તો સેકટર-૨૫, ૨૬ જેવા સેકટરોમાં હોસ્ટેલ-છાત્રાલયોના રાફડા ફાટયા. આ ઉપરાંત દરેક સેકટરમાં મુખ્ય માર્ગ પર પડતા રહેણાંક મકાનોમાં બેંકથી લઈને રેસ્ટોરન્ટ સુધ્ધાં ખુલી ગઈ. હવે જયારે આ મુદ્દો હાઈકોર્ટ સુધી પહોંચ્યો છે ત્યારે મનપા બરાબર ભીંસમાં મુકાયું છે. ગાંધીનગરમાં રહેણાંક વિસ્તારમાં કોમર્શીયલ પ્રવૃત્તિઓ બે દાયકાથી ચાલી રહી છે અને તેને અત્યાર સુધી કોઈ સત્તા તંત્રએ અટકાવી નથી ત્યારે હજુ થોડાક જ વર્ષો પહેલા સ્થપાયેલી સત્તા વિહોણી મનપા આ બાબતે શું પગલાં લે કે હાઈકોર્ટમાં શું જવાબ આપે તો મોટો પ્રશ્ન છે.

શહેરમાં એટલા બધા સ્થળોએ રહેણાંક

● અનુસંધાન પાન-૭ પર

# વિનિતની ગર્લફ્રેન્ડ ગુનામાં સંડોવાયેલી હોવાની શક્યતા

## દિલ્હી અને હરિયાણાના ૧૫ એટીએમ ચેક કરવા સ્થાનિક પોલીસ દોડતી કરાઈ

ગાંધીનગર, તા. ૨૩

એટીએમ ફ્રોડમાં ભેજાબાજ વિનિત છ દિવસના રિમાન્ડ પર છે. ઈન્ફોસીટી પોલીસે વિનિત પાસેથી દિલ્હી-હરિયાણાના ૧૫ એટીએમના મળેલા લીસ્ટને આધારે સંબંધીત પોલીસને ટેલીફોનીક જાણ કરી એટીએમ ચેક કરવા દોડતી કરી છે. તે ઉપરાંત સમગ્ર ફ્રોડ કરવામાં વિનિત એકલો હોય તે વાત ગળે ઉતરે તેમ નથી. બી.બી.એ.ના અભ્યાસ કરનાર વિનિત તેની ગર્લફ્રેન્ડની મદદ લેતો હોવાની શક્યતા પ્રબળ છે કેમ કે તેની ગર્લફ્રેન્ડ કોમ્પ્યુટર એન્જીનીયર છે. ઈન્ફોસીટી પોલીસે તે દિશામાં ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

વિનિત પાસેથી મળેલા એટીએમના લીસ્ટને આધારે દિલ્હી અને હરીયાણાની પોલીસને જાણ કરી



એટીએમ ચેક કરવા જણાવ્યુ છે. જો કે દિલ્હી-હરીયાણા પોલીસનો રાત્રી દરમ્યાન રીપોર્ટ મળે તેવી શક્યતા છે. તો બીજી તરફ બીબીએનો અભ્યાસ કરનાર વિનિત આ ડીવાઈસો એકલા હાથે બનાવી શકે તે વાતની થિયરી પોલીસને ગળે ઉતરતી નથી. પોલીસે વિનિતના ઘરે તપાસ કરી ત્યારે એક યુવતીના કપડા-સેન્ડલ સહીતનો સામાન પણ મળી આવ્યો હતો. જેને આધારે જાણ થઈ કે તે તેણીની ગર્લફ્રેન્ડ છે અને વિનિતની ગર્લફ્રેન્ડ કોમ્પ્યુટર એન્જીનીયર હોવાનુ જાણવા મળ્યુ છે. તેણીની પણ આ ગુનામાં સંડોવણી હોય કે વિનિતે મદદ લીધી હોય તેવી શક્યતાને આધારે પોલીસે તે દિશામાં તપાસ આરંભી છે. જો કે વિનિત ગર્લફ્રેન્ડની સંડોવણી હાલ નકારી રહ્યો છે.

# ગુજરાતમાં વધુ એક યુનિવર્સિટીનો શુભારંભ

## શ્રીગોવિંદગુરૂ યુનિવર્સિટીનો આનંદીબેને આરંભ કરાવ્યો

ગાંધીનગર, તા.૨૩

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાજ્યના આદિજાતિ વિસ્તારો સહિત સમગ્ર રાજ્યમાં ઉચ્ચ શિક્ષણની શ્રેષ્ઠતમ સુવિધાઓ પુરી પાડીને ગુજરાતના યુવાનોને ૨૧મી સદીના વૈશ્વિક સ્પર્ધાત્મક યુગમાં દુનિયા સાથે બરોબરી કરી શકે તેવા સક્ષમ બનાવવાની નેમ વ્યક્ત કરી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું હતું કે, દુર્ગમ આદિજાતિ વિસ્તારોમાં ઈજનેરી, તબીબી અને કૃષિ વિજ્ઞાન સહિતની શૈક્ષણિક સવલતો ઘર આંગણએ મળી રહે તે માટે મધ્ય ગુજરાતના આદિજાતિ વિસ્તારોને આવરી લેતી નવી શ્રી ગોવિંદગુરુ યુનિવર્સિટીનો આજે કાર્યારંભ કર્યો છે. તેમણે વિશ્વમાં શિક્ષણ ક્ષેત્રે જે શ્રેષ્ઠ છે તેમ ગુજરાતમાં લાવવું છે તેની ભૂમિકા આપી ઉમેર્યું હતું કે, હાવર્ડ યુનિવર્સિટી જેવી બેસ્ટ યુનિવર્સિટી સાથે સંકલન કરીને તે પ્રકારનું શિક્ષણ આપવાની મનસા છે. આનંદીબેન પટેલે આજે ગોધરામાં શ્રીગોવિંદગુરુ વિશ્વ વિદ્યાલયનો શુભારંભ કરાવ્યો હતો. રાજય સરકારે આ વર્ષના અંદાજપત્રમાં બે નવી યુનિવર્સિટીઓ શરૂ કરવા માટે કરેલી જોગવાઈને નક્કર સ્વરુપ આપતા તાજેતરમાં જુનાગઢમાં આદ્ય કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનો કાર્યારંભ કરાવ્યા બાદ આજે મુખ્યમંત્રીએ આ બીજી ગોવિંદગુરુ યુનિવર્સિટીની શરૂઆત કરી હતી.



ગરમીમાં ઠંડક - ધોમધખતા તાપમાં પાણીની ભીંજાયેલી જમીન પર આરામ ફરમાવતા અબોલ પક્ષીઓની આ તસવીર ગરમીના મીજાજનો અણસાર આપે છે... અંગ દઝાડતી ગરમીમાં જમીનનો કોઈ ભાગમાં ઠંડક હોતી નથી... બપોરે તો વૃક્ષનો છાંયો પણ ગરમ પવનથી ધખધખતો હોય છે... ત્યારે પાણીથી ભીંજાયેલ કે સૂકાયેલ ખાબોચિયાની જગ્યામાં પક્ષીઓ ઠંડક મેળવે છે.... (તસવીર : દિપક જાની)

# ગુજરાતમાં કોપીના કેસની સંખ્યામાં ઐતિહાસિક વધારો

## ૨૦૧૫માં કોપી કેસોની સંખ્યા ૮૬૭૮ નોંધાઈ : સીસીટીવી અને ટેબલેટના પરિણામ સ્વરૂપે ચોરી કેસ ઝડપથી પકડાયા

અમદાવાદ,તા. ૨૩

ગુજરાતમાં કોપી કેસોની સંખ્યા ઐતિહાસિક ઊંચી સપાટી ઉપર પહોંચી ગઈ છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ કોપી કેસમાં પકડાઈ ચુક્યા છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ બોર્ડ પરીક્ષામાં કોપી કેસમાં ઉલ્લેખનીય વધારો થયો છે. વર્ષ ૨૦૧૪માં રાજ્યમાં ૧૩૫ કેસો નોંધાયા હતા. જ્યારે ૨૦૧૫માં ૮૬૭૮ કેસો નોંધાયા છે જે દર્શાવે છે કે, કોપી કેસમાં છ હજાર ટકાનો વધારો થયો છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આંકડા સાથે આ અંગેના અહેવાલ પ્રકાશિત કરાયા હતા. આંકડા દર્શાવે છે કે, વર્ષ ૨૦૧૧માં કોપી કેસોની સંખ્યા ૯૦ હતી જે વધીને ૨૦૧૫માં ૮૭૬૮ સુધી પહોંચી ગઈ છે. કોપી કેસને રોકવા માટે સીસીટીવી અને અન્ય ઘણા પગલા લેવામાં આવ્યા છે જેથી કોપી કેસ સપાટી પર આવવા લાગ્યા છે. આણંદમાં કુલ કેસો પૈકી ૬૦ ટકા કેસ નોંધાયા છે, એટલે કે ૫૬૫૬ કેસ આણંદમાં નોંધાયા છે. ત્યારબાદ પાટણમાં ૫૦૧, અમદાવાદમાં ૨૪૩ કેસ નોંધાયા છે. કોપી કેસોની સંખ્યામાં આ વર્ષે વધારો થયો છે. કોપી કેસ વધવા માટે અને વધુ કેસ સપાટી પર આવવા માટે કારણ એ છે કે, સીસીટીવી અને ટેબલેટનો ઉપયોગ કરાઈ રહ્યો છે. સીસીટીવી અને ટેબલેટના પરિણામ સ્વરૂપે પરીક્ષા સેન્ટરો ઉપર બાજ નજર રાખવામાં આવે છે. અધિકારીઓનું કહેવું છે કે, કોપી કેસોનો આંકડો ૧૦ હજાર સુધી પહોંચી શકે છે. જિલ્લા શિક્ષણ અધિકારીઓના અહેવાલમાં જણાવાયું છે કે, સીસીટીવી મામલામાં નજર રાખવામાં આવી રહી છે. ૨૦૧૩માં ૨૫૦ સેન્ટરોમાં ટેબલેટ લગાવાયા હતા. જ્યારે ૨૦૧૪માં ૯૦ ટકા પરીક્ષા સેન્ટરો ઉપર સીસીટીવી હતા. આગલા વર્ષે ૧૦૦ ટકા પરીક્ષા સેન્ટરો ઉપર ઈલેક્ટ્રોનિકથી બાજ નજર રાખવામાં આવશે. પરીક્ષાને ચોરીમુક્ત બનાવવા માટે હાલ ઘણા પગલા લેવાયા છે.

# ગુજકોકના બિલને મંજૂરી નહી આપવા કોંગી આગેવાનો રાષ્ટ્રપતિને મળ્યા

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના આગેવાનો આજે ભારતના રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજીને મળ્યા હતા અને રાજ્યસભાના સાંસદ શ્રી અહમદ પટેલ અને ધારાસભ્યો સાંસદોનું પ્રતિનિધિમંડળે રાષ્ટ્રપતિને એક વિસ્તૃત આવેદનપત્ર પણ આપ્યુ હતુ. બિલો બહુમતિના જોરે પસાર કરાયા હતા અને નામંજૂર કરવામાં આવ્યા છે તે બાબતે પણ આવેદન-પત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.



આ આવેદન-પત્રમાં એવી પણ રજુઆત કરવામાં આવી છે કે નવા નામ સાથેના આ કાનૂનમાં ઘણી રાક્ષસી જોગવાઈઓને કે જેને પૂર્વ રાજ્યપાલો અને રાષ્ટ્રપતિએ જૂના બિલમાં પરત કરી હતી તેને યથાવત્ રાખવામાં આવી છે. આ વિધેયકમાં એવી જોગવાઈઓનો પણ સમાવેશ થયો છે જે બંધારણ હેઠળ ખપાવેલા મૂળભૂત અધિકારો અને બીજા કાયદાઓને ઈન્ફ્રિન્જ કરે છે.

ગુજરાતના સાંસદો અને ધારાસભ્યોએ કરેલી આ રજુઆતને રાષ્ટ્રપતિએ શાંતિથી સાંભળી હતી.

રાજય વિધાનસભાએ તાજેતરમાં સંપન્ન થયેલા વિધાનસભાના અંદાજપત્ર સત્રમાં આ બિલ પસાર કર્યુ હતુ. તાજેતરમાં વિધાનસભાએ જીસીટીઓસી એક્ટ મંજૂર ન કરવા રજુઆતો કરી હતી.

વિધાનસભા વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી ભરતસિંહ સોલંકી, ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ અને ઓર્ગેનાઈઝડ ક્રાઈમ બિલ-૨૦૧૫માં જે વિસંગતતાઓ છે તેની વિગતો સાથે આ આવેદન-પત્રમાં રજુ કરી મંજૂરી ના આપવા વિનંતી કરી છે. ૨૦૦૧, ૨૦૦૪માં આવાજ

# શહેરી વિસ્તારના ગામોમાં ગટરલાઈનનું કામ પૂર્ણ કરવા ગ્રામજનોની માંગ

## બાકી કામગીરી પૂર્ણ કરવા અગાઉ સર્વે પણ હાથ ધરવામાં આવ્યો હતો

ગાંધીનગર તા ૨૧

શહેરી વિસ્તારના ગામોમાં દાયકાઓના અંતે પાયાની સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકી નથી. વર્ષોના અંતે શહેરી વિસ્તારના ગામોમાં ગટર લાઈનનું કામ હજુ પૂર્ણ થઈ શકયું નથી. ગ્રામ્ય વિસ્તારમાં ગટરનું અધુરુ કામ હાથ ધરવા અગાઉ સર્વે પણ કરવામાં આવ્યો હતો. જયારે અધુરુ કામ પૂર્ણ કરવા રૂપિયા ૨ કરોડના ખર્ચને મંજુરી આપવા વિભાગને દરખાસ્ત પણ કરવામાં આવી છે.

શહેરી વિસ્તારના ગામોમાં દાયકાઓના અંતે પણ ગટરલાઈનનું કામ પૂર્ણ થઈ શકયું નથી.શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ પાલજ બોરીજ બાસણ ઈન્દ્રોડા ધોળાકુવા સહિતના ગામોમાં વર્ષોના અંતે પણ પાયાની સુવિધાઓના ઠેકાણાં પડયા નથી. પાણી ગટર અને રસ્તાના કામો પૂર્ણ ન થતા સ્થાનિક રહિશો તોબા પોકારી ગયા છે. વર્ષો પૂર્વે ગામોમાં ગટરલાઈનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ કોન્ટ્રાકટર દ્વારા કામ અધુરુ છોડી દેવાતા હજુ પણ ગટરલાઈનની કામગીરી પૂર્ણ થઈ શકી નથી. શહેરી વિસ્તારની ટોપોગ્રાફીમાં આમપણ ગટર લાઈનનું કામ કરવાનું તંત્ર માટે મુશ્કેલ બન્યું છે.ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં ગટર લાઈનનું અધુરુ કામ પૂર્ણ કરવા અગાઉ તંત્ર દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જયારે આ સર્વેના અંતે તંત્રકક્ષાએથી દરખાસ્ત તૈયાર કરી વિભાગને સુપ્રત કરવામાં આવી હતી. ગ્રામ્ય વિસ્તારમાં ગટરલાઈનનું અધુરુ કામ પૂર્ણ કરવા માટે રૂપિયા ૨ કરોડનો ખર્ચ થાય તેમ છે. શહેરી વિસ્તારના ગામોમાં પાયાની સુવિધાઓના ઠેકાણા નથી.ત્યારે ગ્રામજનોમાં પણ આક્રોશ પ્રવર્તયો છે.ગામોમાં પાણીની પોકારને ડામવા તંત્ર દ્વારા નવા બોર બનાવવા ઉપરાંત જરૂરી પાઈપલાઈનનું કામ પણ હાથ ધરવામાં આવનાર છે. આવા સંજોગોમાં ગટરલાઈનની કામગીરી પણ ઘણાં સમયથી બાકી હોવાથી ઝડપભેર આ કામ પૂર્ણ કરી દેવા પણ માંગ ઉઠવા પામી છે. વિભાગ કક્ષાએથી દરખાસ્તને મંજુરી આપી ગામડાઓમાં ગટરનું કામ પુરુ કરવા પણ ગ્રામજનોએ પ્રબળ માંગ ઉઠાવી છે.













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com